**જન્મદિને વધામણી**



**શીલાબેન કનુભાઈ શાહ**
**મો. ૯૯૨૫૦ ૨૨૪૮૬**



**નટુભાઈ પટેલ**
**રિપોર્ટર, ગાંધીનગર સમાચાર**
**મો. ૯૮૯૮૯ ૪૬૯૫૮**

# એસ જી પ્રાથમિક શાળાના ધોરણ-૧ના વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી



ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધો-૧નાં બાળકોએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. ધો-૧ ના એ,બી,સી,ડી,ઈ બધા જ વર્ગના કુલ ૩૦૦ બાળકોએ વૃદ્ધાશ્રમના વડીલોને સહાનુભૂતિ મળે તે હેતુથી પેથાપુર ખાતે આવેલ કૈલાસધમની મુલાકાત લીધી હતી.

# આર એન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ જયપુર-આગ્રાનો મજાનો પ્રવાસ માણ્યો



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી પટેલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે જયપુર-આગ્રાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. લક્ઝરી બસ દ્વારા ૫૨ વિદ્યાર્થીઓ તથા ૪ શિક્ષકો તા. ૧૩થી ૧૭ ઑક્ટોબર દરમ્યાન આ પ્રવાસમાં જોડાયા હતા. જયપુરમાં તેમણે વિવિધ કિલ્લા, જંતરમંતર, હવા મહેલ, આગ્રામાં તાજમહેલ, ફતેહપુર સિક્રી, બુલંદ દરવાજો, પુષ્કર, શ્રીનાથજી, કેસરિયાજી તથા શામળાજી મંદિરની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને આ સ્થળો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. રાત્રિ રોકાણ દરમ્યાન શિક્ષકો દ્વારા મિમિક્રી, જોક્સ અને દિવસ દરમ્યાન જોયેલાં સ્થળોનું વર્ણન કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

અનરાધાર વરસ્યો છું,
બેસૂમાર વરસ્યો છું.
પ્રીત કેરી જ્યાં ભાળી ધરા
ત્યાં હું શ્રીકાર વરસ્યો છું.
- 'જાન' શબ્દિલ

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
એમ એસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
એમ એસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
એમ એસ ધોની
૩.૧૫, ૯.૩૦

## દેના બેન્ક, ગાંધીનગર શહેર-જિલ્લાના નિવૃત્ત સ્ટાફમિત્રો જોગ

ગાંધીનગર, તા. ૧૮

દેના બેન્ક ગાંધીનગર શહેર અને જિલ્લાના તમામ નિવૃત્ત કર્મચારીઓ-અધિકારીઓને ખાસ જણાવવાનું કે મેડિકલ ઈન્શ્યોરન્સ સ્કીમનો લાભ લેવાની છેલ્લી તારીખ ૨૪-૧૦-૨૦૧૬ હોઈ નિવૃત્ત તમામ સ્ટાફે પોતાનાં ફોર્મ દેના બેન્ક ઝોનલ ઓફિસ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે પહોંચાડી દેવા માટે દેના બેન્ક રીટાયર્ડ એમ્પ્લોઈઝ એસો.ના જોઈન્ટ સેક્રેટરી ભરત કવિએ જાહેર અનુરોધ કર્યો છે.

## મહર્ષિ અત્રિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ટેક્વોનડોમાં રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા. ૧૮

હાથીજણ મુકામે રવિવારે રાજ્યકક્ષાની ટેક્વોન્ડો સ્પર્ધા યોજાઈ હતી જેમાં મહર્ષિ અત્રિ વિદ્યાલય, પીંપળજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સ્કૂલને ગૌરવ અપાવ્યું હતું. પાર્થ નરેન્દ્રસિંહ સોલંકી, રામ સુરેશભાઈ પટેલ, રોનક વિક્રમસિંહ જાદવ, દર્શન રાજેશભાઈ ઠુંમર, રાજ જગદીશભાઈ પટેલ, જય સંજયભાઈ કોળી, રાજ ઈન્દ્રસિંહ ઝાલા આ સ્પર્ધામાં વિદ્યાલય તરફથી સામેલ થયા હતા. આ તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમર, શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડ તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં આર એન સ્કૂલ જિલ્લામાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુર, તા. માણસા ખાતે જિલ્લા કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલની ટીમે વિભાગ-૩ (ઊર્જા)માં ભાગ લીધો હતો અને પ્રથમ સ્થાન મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

સ્કૂલ તરફથી 'ગાંધીનગરના સ્મશાન ગૃહમાં વાપરવામાં આવતી સીએનજી સંચાલિત ભઠ્ઠીઓ દ્વારા થતી ઊર્જા બચત અને વૃક્ષ સંરક્ષણ સંબંધિત અભ્યાસ' વિષયે પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. સ્કૂલના વિદ્યાર્થી સૂરજ પી હડિયોલ, પ્રેમ એ ઓઝા, અભિ જી પ્રજાપતિ, ઈશા પી રાવલ અને શ્રીના વી પટેલ દ્વારા આ પ્રોજેક્ટ રજૂ થયો હતો, જેમને તથા માર્ગદર્શક શિક્ષક કે કે પટેલને શાળા પરિવાર વતી શાળાના આચાર્ય તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ગાંધીનગરના હર્ષવર્ધન જોષી દ્વારા નિર્મિત

# બોલિવૂડ ફિલ્મ 'મિસ ખિલાડી'ને ગુજરાતવાસીઓનો સુંદર પ્રતિસાદ



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના અનેક કલાકારોએ ભારતભરમાં સારી એવી નામના સાથે આજે સફળતા હાંસલ કરી છે. ત્યાં જ વધુ એક રત્ન, ગાંધીનગરના શ્રી હર્ષવર્ધન જોષી દ્વારા નિર્મિત તેમની પ્રથમ બોલિવુડ ફિલ્મ 'મિસ ખિલાડી' ભારતભરમાં આ ૧૪ ઓક્ટોબરે રિલીઝ થઈ અને તેને દર્શકોને ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો છે.

પોતાની ફિલ્મને લઈને અનેક રસપ્રદ વાતો હર્ષવર્ધન જોષી તેમજ એડવોકેટ બી.આર. શર્માએ પત્રકાર પરિષદમાં કરી. ફિલ્મ ભારતભરમાં ૫૦ થી વધુ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ગાંધીનગરમાં સિટી પલ્સ ખાતે ફિલ્મ નિહાળી શકાશે.

ફિલ્મના નિર્માતા શ્રી હર્ષવર્ધન જોષીએ કહ્યું કે, મને ખુશી છે કે લાંબા સમયની મહેનત બાદ આજે મારી ફિલ્મ દર્શકોની સમક્ષ રજૂ છે. ફિલ્મને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદથી જુસ્સો મળે છે. આવાનારા સમયમાં વધુને વધુ સારી ફિલ્મો બનાવીને વધુ મનોરંજન દર્શકોને પીરસવા માટે હું તૈયાર છું.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# ૧૦૭ બાળકોને નવાં કપડાંનું વિતરણ ૪૭૨ બાળકોને શૈક્ષણિક સામગ્રી અર્પણ



## ૧૦૭ બાળકોને નવાં કપડાં અપાયાં : સેવાકાર્યમાં બે આંગણવાડીઓ પણ આવરી લેવાઈ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારે આદરવામાં આવેલા સેવાકાર્યમાં શામળાજી વિસ્તારની ૬ શાળાઓનાં કુલ ૪૭૨ બાળકોને આવરી લેવામાં આવ્યાં હતાં. રંગપુરનાં તમામ ૧૫૫ બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો, અજીતપુરા તથા નવા વાલ્લાનાં કુલ ૧૦૭ બાળકોને નવાં કપડાં તથા ધંધાસણ માધ્યમિક, પ્રાથમિક, મૈત્રી માધ્યમિકના વિદ્યાર્થીઓને બોલપેન, પેન્સિલ, રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને સોમવારથી જ શરૂ થતી પરીક્ષા માટે શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી.

સમિતિ દ્વારા સેવાકાર્યમાં બે આંગણવાડીઓને પણ આવરી લેવામાં આવી હતી. સમિતિના પંચાલભાઈ, નવનીત ત્રિવેદી, મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

**જન્મદિને વધામણી** વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# પિતા-પુત્ર વચ્ચે એક લક્ષ્મણરેખા અને સંબંધોની ગરિમા

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

પચીસેક વર્ષના એક પુત્રને છએક મહિના પહેલા સરકારી નોકરી મળી. પુત્ર ભણવામાં ખૂબ જ હોંશીયાર. અભ્યાસના સમયગાળા દરમ્યાન પોતાનો મોટાભાગનો સમય અભ્યાસમાં જ વિતાવ્યો. શાંત પ્રકૃતિ પણ પોતાના વિચારો, સિધ્ધાંતો અને મૂલ્યોને સખત રીતે વળગી રહેનારો. પોતાના સિધ્ધાંતો માટે કોઈપણ વ્યક્તિ સાથે લડે કે ઝઘડો કરી લે. એક દિવસ એક નાની એવી વાત, પિતા સાથે મતભેદ થયો, બોલાચાલી થઈ, આક્ષેપો થયા, પ્રતિ-આક્ષેપો થયા અને પુત્ર દ્વારા પિતાને એક વાક્ય કહેવાઈ ગયું. આ વાક્ય હતું,'મારા મમ્મીએ તો જિંદગી આખી મારા માટે ઘણું કર્યું. તમે મારા બાપ તરીકે, મારા પિતા તરિકે, પચ્ચીસ વર્ષમાં મારા માટે શું કર્યું? તમે મારા માટે કશું જ નથી કર્યું, અને નાહકનો મારા ઉપર રોફ જમાવવાનો પ્રયત્ન કરો છો.' પુત્રના શબ્દો સાંભળીને પિતા એકદમ ચૂપ થઈ ગયા. પિતા માત્ર એક જ વાક્ય બોલી શક્યા 'હા દિકરા, તું સાચો છે. મેં પચીસ વર્ષમાં તારા માટે કશું જ નથી કર્યું.' આટલું બોલીને પિતા પુત્રથી દૂર જતા રહ્યા.

પિતા-પુત્ર વચ્ચેનો સંઘર્ષ એ સમાજ માટે નવી વાત નથી. બંને વચ્ચેનો સંઘર્ષ ક્યારેક ક્ષણિક હોય છે તો ક્યારેક એ સંઘર્ષ મોટા ઝઘડામાં પરિણમે છે. પિતા-પુત્ર વચ્ચેનો સંઘર્ષ જ્યારે ચરમસિમાએ પહોંચે છે ત્યારે એ સંઘર્ષ કુટુંબ વિચ્છેદમાં પરિણમે છે જેને કારણે ક્યારેક પિતા-પુત્ર વચ્ચે જિંદગીભરનું અંતર થઈ જાય છે.



પિતા-પુત્ર વચ્ચેના સંઘર્ષનું એક સર્વ સામાન્ય અને સર્વમાન્ય કારણ છે જનરેશન ગેપ અથવા તો બે પેઢી વચ્ચેનું અંતર. બે પેઢીઓ વચ્ચે લગભગ ત્રિસેક વર્ષ કે તેથી વધારે સમયનું અંતર હોય તેને જનરેશન ગેપ કહે છે. બંને પેઢી કાં તો એકબીજાને સમજી નથી શકતી અથવા તો જાણી જોઈને સમજવા નથી માંગતી. પિતા-પુત્ર વચ્ચે સમયાંતરે ઉંમરનો તફાવત તો એ જ રહે છે પણ બંનેના વિચારો, માન્યતાઓ, સિધ્ધાંતો અને મૂલ્યો વચ્ચેનું અંતર ધીમે ધીમે વધતું જાય છે પરિણામે સંઘર્ષ પણ વધતો જાય છે. આપણા સમાજના દરેક પિતાની એક દ્રઢ માન્યતા હોય છે કે પોતે પોતાના પુત્રનો પિતા છે, પોતે પોતાના પુત્રને પાળી-પોષીને મોટો કર્યો છે એટલે પોતાને પોતાના પુત્ર ઉપર કેટલાક અધિકારો બા-કાયદા મળી જાય છે. પોતે પુત્રનો પિતા હોવાને નાતે ઘણીવાર તે પોતાના પિતા તરીકેના અધિકારો ભોગવવાનો પ્રયત્ન કરે છે ત્યારે નવી પેઢીના પુત્રને કદાચ નથી ગમતું. નવી પેઢીના પુત્રનો મિજાજ વધારે સ્વતંત્ર હોઈ પોતાના ઉપર કોઈ સતાધિકાર ભોગવે એ પસંદ નથી હોતું. આમ પિતા પોતાની સતા કે અધિકાર પોતાના પુત્ર ઉપર ભોગવવા માંગે છે તે તેના પુત્રથી સહન નથી થતું એટલે પુત્ર તેનો પ્રતિકાર કરે છે પરિણામે બંને વચ્ચે સંઘર્ષ પેદા થતો હોય છે. પિતાને પોતાના પુત્ર પ્રત્યે ઘણીબધી અને ઘણા પ્રકારની અપેક્ષાઓ હોય છે. સામાજીક વ્યવહારની, આર્થિક મદદની, શિષ્ટાચાર પાલનની કે નૈતિક મૂલ્યોનાં જતનની પિતાને પુત્ર પાસેથી અપેક્ષાઓ હોય છે. પોતાનો પુત્ર આ પ્રકારની અપેક્ષાઓ પૂરી કરે એવો દરેક પિતા આગ્રહ રાખે છે. પુત્ર દ્વારા આ અપેક્ષાઓ પૂરી નથી થતી ત્યારે પિતા પોતાની નારાજગી વ્યક્ત કરે છે, ટકોર કરે છે, આગ્રહ કરે છે. પુત્ર પોતાની અક્ષમતાને કારણે અથવા તો જાણી જોઈને પિતાની અપેક્ષાઓ પૂરી નથી કરતો ત્યારે બંને વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. આનાથી ઊલટું પણ બને છે. પુત્રની પણ પિતા પ્રત્યેની અપેક્ષાઓ પૂરી નથી થતી ત્યારે પણ સંઘર્ષ પેદા થાય છે. આમ પરસ્પર અપેક્ષાઓ અને તે પૂરી ન થવી એ પિતા-પુત્ર વચ્ચેના સંઘર્ષનું કારણ બને છે.

પોતાનાં બાળકો શિસ્તનું પાલન કરે અને પોતે સિંચેલા મૂલ્યોનું જતન કરે એ માટે પિતાનો કુટુંબમાં વધારે આગ્રહ હોય છે. પોતાનાં બાળકોના શિસ્તપાલન માટે ઘણીવાર પિતા કડક વલણ અપનાવે છે. પિતાના આ પ્રકારના કડક વલણને કારણે બાળકોના માનસમાં અને ખાસ કરીને પુત્રના માનસમાં પિતાની છાપ માતાની છાપ કરતાં જુદી હોય છે. પિતા એટલે કડક, શિસ્તના આગ્રહી, બાળકોની જીદ સામે ના ઝૂકનારા એવી છાપ હોય છે. પુત્રના દિમાગમાં બચપણથી જ પિતાની આ પ્રકારની છાપ હોવાને કારણે પુત્રની ઉંમર વધતાંની સાથે સાથે આ છાપ વધુ દ્રઢ બનતી જાય છે. પરિણામે પિતા-પુત્ર વચ્ચેનું અંતર વધતું જાય છે. બંને વચ્ચે વધતું જતું આ અંતર સંઘર્ષમાં પરિણમે એવી શક્યતાઓ વધતી જાય છે.

પિતા-પુત્ર બંનેને એકબીજા પ્રત્યે અપેક્ષાઓ હોય છે તે બધી જ અપેક્ષાઓ સંતોષવી શક્ય નથી. સંબંધોમાં અપેક્ષાઓ જેટલી ઓછી એટલા સંબંધો વધારે સુખદ. પિતા-પુત્ર બંને અપેક્ષાઓ ઓછી રાખે તો બંને વચ્ચે સંઘર્ષ ઓછો થાય છે. જ્યારે અપેક્ષાઓ ના સંતોષાય ત્યારે જતું કરવામાં આવે તો સંઘર્ષ ટળી શકે છે. આદર્શ પરિસ્થિતિની વાત કરતાં લોકો એવું માને છે કે પિતા-પુત્રના સંબંધો મિત્રો જેવા હોવા જોઈએ. આ વાતનો સ્વીકાર કરીએ તો પણ પિતા-પુત્ર વચ્ચે મિત્રો જેવા સંબંધો હોય તો પણ બંને પિતા-પુત્ર નથી મટી જતા. સંબંધો મિત્રો જેવા હોય તો પણ બંને વચ્ચે એક લક્ષ્મણરેખા દોરેલી હોય તો પિતા-પુત્રના સંબંધોને એક ગરિમા અર્પે છે. પિતા કે પુત્ર બંનેમાંથી કોઈપણ જ્યારે એ સંબંધોની લક્ષ્મણરેખા ઓળંગવા પ્રયત્ન કરે છે ત્યારે એ સંબંધોની ગરિમાને ઝાંખપ લાગે છે. આમ કરવાથી બંને વચ્ચે સંઘર્ષ પણ પેદા થાય છે.પિતા-પુત્ર તરિકે બંને એકબીજા પ્રત્યેની લાગણી ખૂલીને વ્યક્ત કરે તો સંબંધો વધારે ગાઢ બને છે. સંબંધોનું ખુલ્લાપણું સંબંધોને હંમેશા દ્રઢ બનાવે છે.

વ્યક્તિએ એક પિતા તરિકે પોતાની જાતને કેટલાક પ્રશ્નો પૂછવા જોઈએ. આ પ્રશ્નો છે:

- શું મારો પુત્ર જાણે છે કે હું તેને એક પિતા તરિકે અનહદ પ્રેમ કરું છું?
- શું મારો પુત્ર જાણે છે કે મારા જીવનમાં તેનું સ્થાન અદકેરૂં છે?
- શું મારો પુત્ર જાણે છે કે મને મારા પુત્રનું ગૌરવ છે?

આ જ પ્રકારના પ્રશ્નો પુત્રએ પણ પોતાના પિતા સાથેના સંબંધોને અનુલક્ષીને પૂછવા જોઈએ. જો આ પ્રશ્નોના જવાબો હકારાત્મક મળે તો એવું દ્રઢપણે માની શકાય કે પિતા-પુત્ર વચ્ચેના સંબંધો નખશીખ આદર્શ છે, બંને વચ્ચે મૈત્રીભાવ છે છતાં બંને વચ્ચે એક લક્ષ્મણરેખા દોરાયેલી છે જેના દાયરામાં રહીને બંને સંબંધો સાચવે છે અને નિભાવે છે. પિતા-પુત્ર વચ્ચેનો પ્રત્યક્ષ વાર્તાલાપ, એકબીજાનું યોગ્ય સન્માન, બંનેના અભિપ્રાયો અને માન્યતાઓનું યોગ્ય સન્માન અને બંનેનો એકબીજા ઉપરનો દ્રઢ વિશ્વાસ પિતા-પુત્રના સંબંધોને એક ઊંચા શિખરે પહોંચાડી શકે છે.

જરૂર હોય છે બંને પક્ષે સંનિષ્ઠ પ્રયત્નોની!